# અમદાવાદ ઝોનના છ જિલ્લાઓના યુવાનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીના ૧૩૩૮૦ નિયુક્તિપત્રો એનાયત

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે સમગ્ર દેશમાં, રોજગાર કચેરીઓ અને ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું આખેઆખું કલેવર બદલી નાંખવાનું મિશન ગુજરાત સરકારે ઉપાડ્યું છે અને રાજ્યના લાખો યુવાનો કૌશલ્યવાન બને તે માટે હુન્નર-રોજગારની તાલીમનું વ્યાપક ફલક વિકસાવ્યું છે.



મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ખાનગી ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ યુવા રોજગાર સપ્તાહ દરમિયાન રાજ્યના ૬૫૦૦૦ યુવાનોને રોજગાર નિયુકિતપત્રો એનાયત કરવાના અભિયાન અન્વય આજે ત્રીજા ચરણમાં અમદાવાદ ઝોનના છ જિલ્લાઓના ૧૩૩૮૦ યુવાનોને ખાનગી નોકરીદાતાઓ તરફથી નિયુકિતપત્રો એનાયત કર્યા હતા. આ અગાઉ રાજકોટમાં સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના ૮ જિલ્લાઓના ૧૩૦૭૯ યુવાનો અને વડોદરાતમાં મધ્ય ગુજરાત ઝોનના છ જિલ્લાઓના ૧૩૨૨૯ યુવાનોને નિયુકિતપત્રો મુખ્યમંત્રીશ્રીએ આપ્યા હતા. આવતીકાલે સુરતમાં દક્ષિણ ગુજરાતના ૬ જિલ્લાના ૨૫૩૧૨ યુવાનોને પણ રોજગાર નિયુકિતપત્રો અપાશે.

રાજ્યના યુવાનની શકિતને સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર બનાવવા માટે યુવાનોના હુન્નર-કૌશલ્ય, ચારિત્ર અને કારકિર્દી ઘડતર માટેના પાયાના એકમોને પ્રાથકિતા આપવાનું અભિયાન રાજ્ય સરકારે ઉપાડયું છે તેની ભૂમિકા આપી જણાવ્યું કે આઈ.ટી.આઈ.ની ઔદ્યોગિક તાલીમના આખા ક્ષેત્રમાં કાયાકલ્પ કરી દીધો છે. આઈ.ટી.આઈ.નું ક્ષેત્ર એટલુ ઉપેક્ષિત હતું કે તેમાં તાલીમ લેનારા યુવા ઉમેદવારોને નાનમ લાગતી હતી. સમાજ પણ ઉપેક્ષિત ભાવ રાખતો હતો પરંતુ દશ વર્ષમાં આ.ટી.આઈ.નું કલેવર બદલીને નવી ગરિમા આપી છે.

આ જ રીતે રાજ્ય સરકારના શ્રમ-રોજગાર વિભાગની સ્થિતિ પણ ઉપેક્ષિત હતી. આજે શ્રમ અને રોજગાર વિભાગ યુવાનોને રોજગારી અને હુન્નર રોજગાર-તાલીમના ક્ષેત્રે પ્રાણવાન - જાનદાર બની ગયો છે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

આઈ.ટી.આઈ.ના ભવનો અને માળખાકીય સુવિધાઓની આધુનિકતા એવી ઉંચાઈ ઉપર પહોંચાડી છે કે ભારત સરકારે પણ તેને મોડેલ તરીકે સ્વીકારવા ભલામણ કરી છે એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ આઈ.ટી.આઈ.ની તાલીમમાં ટેકનીકલ સ્કીલ ડેવલપમેન્ટને પ્રાધાન્ય આપીને હાઈટેક હુન્નરો અને ઉદ્યોગોની આધુનિક જરૂરિયાતોને અનુરૂપ કૌશલ્યનું સંવર્ધન કરવાનું આખુ ફલક રાજયમાં આઈ.ટી.આઈ. નેટવર્ક દ્વારા વિકસાવ્યું છે.




દશ વર્ષ પહેલા રાજ્યમાં માત્ર ૨૭૪ આઈ.ટી.આઈ.માં ૭૭૦૦૦ યુવાનો તાલીમ મેળવતા હતા. અત્યારે ૧૧૦૦ કૌશલ્ય-તાલીમની સંસ્થાઓમાં પોણાપાંચ લાખ યુવાનો આઈ.ટી.આઈ. કોર્સમાં સ્કિલ ડેવલપમેન્ટ મેળવે છે.

પરંપરા હુન્નર કૌશલ્યના તાલીમ-કારીગરીમાં આમૂલ પરિવર્તન લાવી દીધું છે એમ જણાવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે ડ્રાઈવીંગની આધુનિક તાલીમ પણ ઓટોમેશન સ્ટીમ્યુલેટર્સના કોર્સથી અપાય છે જે એવા સમાર્થ્યવાન ડ્રાઈવરો તૈયાર કરે છે જેની પાસે રોડ સલામતીનું જ્ઞાન છે. ઉત્તમ ડ્રાઈવરો તૈયાર કરવાથી લઈને બાંધકામ-નિર્માણ ક્ષેત્રે હાઈટેક કન્સ્ટ્રકશન ટેકનોલોજીનું હુન્નર-કૌશલ્યનું પ્રશિક્ષણ આપવા સુધી આઈ.ટી.આઈ.ને સુસજ્જ બનાવી છે એમ શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું.

યુવાનોને 'શ્રમ' મહેનતનો મહિમા સ્વીકારવા અને નકારાત્મક માનસિકતા છોડવાની અપીલ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે આઈ.ટી.આઈ. ઉત્તિર્ણ ઉમેદવારોના વ્યકિતત્વનું ઘડતર ગૌરવરૂપ બનાવ્યું છે. દેશના ઘડતરમાં પણ તેનું યોગદાન વ્હાઈટ કોલર જોબ કરનારા કરતા સ્હેજે ઓછું નથી. હવે રાજ્ય સરકારે આઈ.ટી.આઈ. કોર્સ સફળ રીતે પૂર્ણ કરનારા યુવાનો માટે ઉચ્ચ શિક્ષણના દરવાજા ખોલી નાંખ્યા છે આઈ.ટી.આઈ. પાસ પણ યુનિવર્સિટી-કોલેજમાં જઈ શકશે. દસમા ધોરણ અને બારમા ધોરણની બોર્ડની પરીક્ષા આપ્યા વગર પણ આઈ.ટી.આઈ. પાસ ડિપ્લોમા અને ત્યારબાદ ડિગ્રી ઈજનેરીમાં ભણી શકશે.

## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ



જયશંકર લીલાધર પુરોહિત
(૧૯૪૪)ફોન : ૨૩૨૩૭૬૦૩



ભૂપેન્દ્રભાઈ નટવરલાલ પંચાલ
(૧૯૫૫)ફોન :૨૩૨૪૬૯૮૯

## મુખ્યમંત્રીનો વડાપ્રધાનને વધુ એક વિરોધ પત્ર

ગાંધીનગર, તા. ૧૨

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડાપ્રધાનશ્રી મનમોહનસિંહને આજે પાઠવેલા પત્રમાં, આ વર્ષના બજેટમાં સ્થાવર મિલ્કતની નોંધણી માટેના ચૂકવણા ઉપર ડિડકશન ટેક્ષ એટસોર્સ (ટીડીએસ) ની જે દરખાસ્ત કરી છે તે જનવિરોધી અને ભારતના સમવાયતંત્રના માળખાની ભાવનાનું ઉલ્લંઘન કરનારી હોવાથી તાત્કાલિક પાછી ખેંચી લેવા ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

છેલ્લા કેટલાક સમયથી કેન્દ્ર સરકાર દેશના સમવાયતંત્રના માળખા (ફેડરલ સ્ટ્રકચર) અને રાજ્યોની સ્વાયતતાને વિપરીત અસર પહોચાડતા શ્રેણીબધ્ધ નિર્ણયો લીધા છે, પ્રધાનમંત્રીશ્રીનું વારંવાર ધ્યાન પણ દોર્યુ છે.

આ સંદર્ભમાં, મુખ્યમંત્રીશ્રીએ આ વર્ષના કેન્દ્રીય બજેટમાં સ્થાવર મિલ્કતની નોંધણી માટેની ચૂકવણી ટેક્ષ ડિડકશન એટ સોર્સ (ટીડીએસ) વેરો ઉઘરાવવાની જે દરખાસ્ત કરી છે તે રાજ્યની સત્તાઓ ઉપર હસ્તક્ષેપ કરનારી અને વ્યાપક રીતે જનહિત વિરોધી છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું કે કેન્દ્રના નાણાંમંત્રીએ સ્થાવર મિલ્કતની તબદિલી અંગેની નોંધણી માટે લેવાની ફી સંદર્ભમાં ૧ ટકાના ધોરણે ટેક્ષ ડિડકશન કરવાની દરખાસ્ત કરેલી છે.

## અમદાવાદ ખાતે ૧૫મીએ સાહસ-શૌર્ય-સેવા-સુખાકારી અને તબીબી એવોર્ડની એનાયતવિધિ કરાશે

ગાંધીનગર, તા. ૧૨

સામાજિક ન્યાય અને અધિકારીતા, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી, ફકીરભાઈ વાઘેલાની અધ્યક્ષતામાં અમદાવાદ ખાતે તારીખ ૧૫ એપ્રિલે રવિશંકર રાવળ કલા ભવનમાં સાજે ૭ કલાકે યોજનારા કાર્યક્રમમાં રાજ્યમાં સાહસ-શૌર્ય-સેવા-સુખાકારી અને તબીબી ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનાર ૨૨ વ્યકિત વિશેષશ્રીઓનું તેમની સેવાઓ બદલ અભિવાદન કરવામાં આવનાર છે.

# ભાજપની કિસાન હિત યાત્રા સામે કોંગ્રેસ દ્વારા પરિવર્તન યાત્રા

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આગામી ડીસેમ્બર ૨૦૧૨માં યોજાનારી છે ત્યારે હાલ રાજયમાં લોકો સુધી સીધો સંપર્ક સાધવા ભાજપ સરકાર એ ભાજપ પક્ષ દ્વારા મેળા અને યાત્રાના કાર્યક્રમો આરંભ્યા છે.

ભાજપ સરકાર અને ભાજપ પક્ષ દ્વારા રાજયમાં ત્રણ કાર્યક્રમોનો પ્રારંભ કર્યો છે. જેમાં ખેડૂતોના પ્રશ્નોને લઈને ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ દ્વારા રાજયમાં કિસાન હીત યાત્રા કાઢવામાં આવી છે.

તો બીજી બાજુ ભાજપ સરકાર દ્વારા યુવાનોને રોજગારી આપવા માટે રોજગારી પત્રો આપવાનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાયના ચેકો અને ટુલ કિટસનું વિતરણ કરવા માટે આજથી ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓનો આરંભ કરવામાં આવ્યો છે.

રાજયમાં અંદાજે ૩૦૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ યોજવાનું રાજય સરકાર દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. આમ હાલમાં ગુજરાતની વર્તમાન ભાજપ સરકાર દ્વારા બેરોજગાર યુવાનોને રોજગારી પત્રો આપીને તેમજ છેવાડાના માનવીઓને યોજનાઓનો લાભ આપીને આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તો ભાજપ પક્ષ દ્વારા કિસાન હિત યાત્રા દ્વારા ગુજરાતના ખેડુતોને આકર્ષવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીઓ આડે હવે માત્ર આઠ મહિનાનો જ સમય બાકી રહ્યો છે ત્યારે વિવિધ કાર્યક્રમો દ્વારા તમામ વર્ગના લોકોનો સીધો સંપર્ક સાધવા અને ચૂંટણીની તૈયારીના ભાગરૂપે આ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તો બીજી બાજુ કોંગ્રેસ પક્ષ દ્વારા પણ આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ આરંભી દીધી છે. અને તેના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા પણ રાજયના ૬ મહાનગરો અને નગરપાલિકા વિસ્તારોમાં પરિવર્તન યાત્રા કાઢવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

## ગુનાહિત પ્રવૃત્તિઓને ડામવા લોક રક્ષક સેવા સમિતિની હવે જન-જાગૃત્તિની ઝુંબેશ

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ચોરી, લૂંટ અને અપહરણ જેવા ગુનાઓને ડામવા માટે લોક રક્ષક સેવા સમિતિનું હેલ્પ એન્ડ સેવ મી ડોક્યુમેન્ટરી દ્વાર જનજાગૃત્તિ અભિયાન હાથ ધરાશે. લોક રક્ષક સેવા સમિતિના પ્રમુખ પૃથ્વી ભટ્ટે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય, શાંતિ, સલામતી અને સમૃદ્ધિનું પ્રતિક, ભારત દેશના અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ રાજ્ય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ શાંત અને સલામત રાજ્યમાં સામાન્ય પ્રજાને લૂંટવાના કિસ્સાઓમાં ધરખમ વધારો થયોલે છે તે કિસ્સાઓ જોતા અને આવા ગુનાઓ રોકવ માટે સમાજ એક અને જાગૃત થાય હેતુથી લોક રક્ષક સેવા સમિતિ દ્વારા એક ૪૫ દિવસનું જન-જાગૃતિ અભિયાન શરુ કરવામાં આવ્યું છે.

## માધ્યમિક શાળાઓને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને ઉચ્ચતર માધ્યમિક શાળાનો સમય સવારનો રાખવાનો નથી તેવી સ્પષ્ટ સૂચના આપવામાં આવેલ છે.

પ્રાથમિક વિભાગને કારણે શાળાનો સમય સવારનો હોય તો પ્રાથમિક વિભાગ સવારમાં ચલાવવો અને માધ્યમિક વિભાગનો સમય બપોરનો રાખવો.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ઉપરોક્ત સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં રાજયની કેટલીક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં તેનો ચુસ્તપણે અમલ થતો નથી તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ સવારની પાળીમાં ચલાવવામાં આવે છે તેના કારણે વિદ્યાર્થીઓના શિક્ષણ પર વિપરીત અસર થાય છે તેવું ધ્યાન પર આવવા પામ્યું હતું.

જે શાળાઓમાં પાળી પધ્ધતિ ચલાવવા અંગે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની મંજુરી મેળવેલ હોય તે કિસ્સા સિવાયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ના નિયમ-૧૭ (૪) મુજબ ૨૭ કલાકનું શૈક્ષણિક કાર્ય થાય તે હેતુથી શાળાનો સમય ૧૧ થી ૫નો રાખવાનો રહેશે. સૂચનાઓનું તમામ શાળાઓએ પાલન કરવાનું રહેશે, તેની સંપૂર્ણ તકેદારી રાખવાની રહેશે.

## સટ્ટો રમાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતના સટોડિયાઓ ચોમાસાના આગમન પૂર્વે સટ્ટો કરવા સક્રિય થઈ ગયા છે.

હમણાં આઈપીએલ ફિવર હોવાથી સટોડિયાઓનું ધ્યાન ચોમાસાના સટ્ટા પર ઓછું છે. પરંતુ જેવી આઈપીએલ પૂરી થશે કે તરતજ સટોડિયાઓ ચોમાસાના સટ્ટા પર સક્રિય થઈ જશે. હાલ સટોડિયાઓએ ચોમાસાની માહિતી મેળવવાનું તો શરુ કરી દીધું છે. ગુજરાતમાં આ વર્ષે રૂ. ૭૦૦ થી ૮૦૦ કરોડનો ચોમાસા પર સટ્ટો ખેલાય તેવી શકયતાઓ છે. ગુજરાતના ખેલાડીઓ સૌથી વધુ સટ્ટો મુંબઈ અને દિલ્હીના વરસાદ પર રમતા હોય છે. આ વર્ષે ચોમાસુ ૧૫મી જુલાઈ બાદ બેસશે તેવી આગાહીઓ થઈ રહી છે. સટોડિયાઓ આ સટ્ટો માત્ર ચાર મહિના જ રમી શકે છે. આ સટ્ટો વિશ્વાસ પર રમાતો હોય છે. ચોમાસાના આગમનથી લઈને કયાં સુધી ચાલશે, કેટલા ઈંચ વરસાદ પડે, કયાં વિસ્તારમાં કેટલો વરસાદ પડશે, વરસાદ વચ્ચેનું અંતર કેટલું હશે, પૂર આવશે કે નહિ એમ તમામ બાબતો પર સટ્ટો રમતા હોય છે. ગુજરાતના કેટલાક આગાહીકારો અખાત્રીજનો પવન કેવો ફૂંકાય છે તેના પર ચોમાસાની સ્થિતિ નક્કી કરતાં હોય છે. પરંતુ કેટલાક આગાહીકારો કહી રહ્યા છે કે ઋતુચક્રમાં વિલંબ હોવાથી ચોમાસું મોડું બેસે તેવી શકયતાઓ છે. ચોમાસું સારું રહેશે તેવી આગાહી પણ કરવામાં આવી છે.

## ધ કોફી હાઉસ (પાના નં. ૪ નું ચાલુ)

આ નિકોલાઈ મોરોઝોવ એ રશિયન ક્રાંતિકારી લેખક હતો જેણે જિંદગીનાં ૨૫ વર્ષો જેલમાં કાઢ્યા અને પાનાં નં. ૩૧ પર પણ મોરોઝોવનાં જ વિચારો.

"હર ચીજ યહાં હૈ કિતની ખામોશ, બેજાન, ફીકી
વર્ષો ગુજર જાતે હૈ યો હી, કુછ પતા નહીં
ચલતા, હફતે ઔર દિન કટતે હૈ બડી
મુશ્કિલ સે... દેતા હૈ સિર્ફ બૉરિયત... ઈન્કા યહ
સિલસિલા...."

જેલનાં આ વર્ષોમાં ભગતસિંહની રગોમાં દોડતાં સરફરોશી ખ્યાલોને ચિંતન અને વાંચવની એક વ્યાપકતા મળી... ડાયરીનાં તો આ ચંદ પાના હતા... સલ્ફયુરિક એસિડનાં થોડા ટીપા... ધધગતા લાવા જેવાં આ સરફરોશનાં ખ્યાલોની વધુ સફર આવતી મુલાકાતમાં...

- ch9723367947@yahoo.com

## નબીરાઓ (પાના નં. ૪ નું ચાલુ)

હમણાં છાપામાં વાંચેલું કોઈએ નબીરાની ગાડી ઑવર ટેઈક કરવાનો ભયંકર ગુનો કર્યો? પછી કંઈ ગુસ્સો કાબૂમાં રહે. અમારી ગાડીને ઑવર-ટેઈક... 'ગાડી - રસ્તે આડી રાખી મંડ્યા પેલા ડ્રાઈવરને મારવા - પોલીસ - ઈન્સ્પેકટર દરજ્જાના અમલદારે અટકાવવાનો પ્રયત્ન કર્યો તો તેની ધુલાઈ કરી... પછી શું થયું ખબર છે...' એ પોલીસ ઈન્સ્પેકટરને ઠપકો મળ્યો ને નબીરાઓ તો આનંદથી ગાંધીનગરમાં જ પોતાના પરક્રમા ઉડતા ફરતા રહ્યા.

હવે તમેજ વિચારો જેને કઈ કાયદો ન નડે. જે મન ફાવે તેમ વર્તી શકે. કોઈની રોકટોક ન સાંભળે તેવું જ રાજય ગણાયને. શું મુખ્યમંત્રી આ પ્રમાણે વર્તી શકે? ના... તો પછી અત્યારે ગાંધીનગરમાં રાજય છે આ નબીરાઓનું... સરકાર ગમે તે પક્ષની હોય. રાજય કરવાનું વરદાન તો નબીરાઓજ પામ્યા છે.

## શબ્દાવલી - ૪૬૯૮

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ૫ |
| | ■ | ૬ | ૭ | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ | | ■ |
| ૧૩ | | ૧૪ | ■ | ■ | | ■ | ૧૫ |
| ■ | ૧૬ | | | ૧૭ | ■ | ૧૮ | |
| ૧૯ | | | ■ | | ■ | ૨૦ | |
| ૨૧ | | ■ | ૨૨ | | ૨૩ | | ■ |
| | ■ | ૨૪ | | ■ | | ■ | ૨૫ |

### આડી ચાવી

૧. ફોડવાનો દારૂ (૩)
૩. વગ, ઓળખાણ (૪)
૬. વટાણા-બટાકાની વાનગી (૩)
૮. ઘોડાનું પલાણ (૨)
૯. કવિતાની રચના કરનાર (૨)
૧૧. આવાહ્‌ન, પડકાર (૪)
૧૩. જેમ કામ સાથે સકામ તેમ તર્ક સાથે.... (૩)
૧૬. કાગળ-કાપડ કાપતા પડતો વધારાનો કચરો (૪)
૧૮. પક્ષી, પંખી (૨)
૧૯. સર્વ, તમામ, સઘળુ (૩)
૨૦. ભય, બીક (૨)
૨૧. વાર્તા, કહાણી (૨)
૨૨. .... ગાડી, રેલ્વે (૪)
૨૪. પિતા, એક ઘરેણુ (૪)
૨૫. લાઈન (૧)

### ઊભી ચાવી

૧. ખૂબ તોફાની હોય તેવો છોકરાને તોફાની.... કહેવાય (૪)
૨. છિદ્ર, કાણું, ઊંદરનું ઘર (૨)
૩. એક ગામનું નામ (૩)
૪. રાજાનો મંત્રી, પ્રધાન (૩)
૫. ધડાધડ ગોળી છોડતી યાંત્રિક બંદૂક (૨)
૭. માછલા પકડવાનો આંકડો (૨)
૧૦. આપવીતી, વીતી ગયેલા દુર્ઘટના (૫)
૧૨. નારિયેળના રેસમાંથી બનતી મજબૂત દોરી (૨)
૧૪. હિંસા, કાપાકાપી
૧૫. ખોડિયાર માતાજીનું વાહન (૨)
૧૭. 'કઠણ' શબ્દ આડોઅવળો (૩)
૧૮. પથ્થરની શિલા, હાથનું ઘરેણું (૩)
૧૯. ગાડુ (૨)
૨૨. અડાય તેવુ, સ્પૃશ્ય (૨)
૨૩. છરાને હિન્દીમાં.... કહેવાય (૨)

### શબ્દાવલી ૪૬૯૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) પેપરવૅટ (૫) હક્ક (૬) ટ્રોલી (૭) વાણોતર (૯) લત (૧૦) રફક (૧૩) પાપ (૧૪) પલીતો (૧૬) વૈતરણી (૧૮) લડવૈયો (૨૨) પરોઢ (૨૩) ભરમાર

**ઊભી ચાવી :-** (૧) પેટ્રોલપંપ (૨) પલીત (૬) વેવાણ (૪) ટણો (૫) હરફ (૮) તરપત (૧૧) કરણી (૧૨) ચિત્તોડગઢ (૧૩) પાવૈયો (૧૫) લીલ (૧૭) રીત (૧૯) ચાંચ (૨૦) થોર (૨૧) કાળ

## સમાચાર ઝલક

- નડિયાદમાં સ્વાઈનફ્લૂના ત્રણ દર્દીઓ મળતા ફફડાટ.
- નડિયાદમાં વાનરે ૧૨ વ્યક્તિઓ પર હૂમલો કરી ઘાયલ કર્યા.
- ગોધરામાંથી ગેસ રિફિલિંગનું કૌભાંડ ઝડપાયું.
- આણંદમાં પૌત્રએ દાદીના ઓરડાને આગ ચાંપી.
- કોપરલી માર્ગ પર બે ઈસમ પાંચ વર્ષના બાળકને મૂકી રફૂચક્કર.
- લાઠી પાસે જીપ પલ્ટી જતા ૪ના મોત.
- જૂનાગઢના પૂર્વ સાંસદ ગોવિંદભાઈ શેખડાનું નિધન.
- ગુજરાતમાં ભૂકંપના પાંચ આંચકા અનુભવાયા.
- શનિવારથી રાજકોટમાં મોરારિબાપુની માનસ હરિહર રામકથા યોજાશે.
- રાજકોટમાં પૌઢે ઘરમાં એલપીજી પંપ શરૂ કરતા દરોડો.
- શંખેશ્વરમાંથી ૨૫૦ કિલો માંસના જથ્થા સાથે બે ઝડપાયા.
- રાપર પાસેથી કોટન ઈન્ડસ્ટ્રીમાં આગથી ૩૦ લાખનું નુકશાન.
- સુરતમાં વરાછા વિસ્તારમાંથી ૭.૫ કિ.ગ્રા. ગાંજા સાથે ચાર પકડાયા.
- ઉકાઈ થર્મલ સ્ટેશનમાં જતી ટ્રેનના વેગનમાંથી કોલસાની ચોરી.

## માળખાકીય સુવિધાઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસના કાર્યો અને દીર્ઘ દ્દષ્ટિને અનુરૂપ સત્તામંડળે આયોજનો હાથ ધરેલ છે.' જે અનુસાર આજે ભૂમિપૂજન કરાયેલ કામોનું આગામી મે માસમાં લોકાર્પણ કરવા આયોજન કરવામાં આવી રહેલ હોવાનું જણાવેલ હતું. આ ઉપરાંત તેઓએ આગામી મે માસમાં સત્તામંડળ દ્વારા તમામ માળખાગત સુવિધાના કામો શરૂ કરી સમગ્ર વિસ્તારને સંપૂર્ણ સુવિધાયુક્ત વિસ્તાર તરીકે સ્થાપિત કરવાનો સંકલ્પ વ્યક્ત કરેલ હતો. જે અંતર્ગત સત્તામંડળ ૧૧ વિકસિત ટી.પી. વિસ્તારોમાં ભૂગર્ભ ગટર વ્યવસ્થા, રોડ નેટવર્ક, પાણી પુરવઠા બોર્ડની સાથે મળી પીવાના શુદ્ધ પાણી, રોડ, સ્ટ્રીટલાઈટ, સૌર ઉર્જા સંચાલિત વીજળી અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ જેવા અનેક લોકપયોગી કાર્યો એક સાથે આયોજનપૂર્વક કરી રહ્યું છે.

આ ભૂમિપૂજન કાર્યક્રમ પ્રસંગે સત્તામંડળના કાર્યકારી મુખ્ય કારોબારી અધિકારીશ્રી દિલીપ રાવલ, અધિક કલેકટરશ્રી જે.કે. આસ્તિક, ગુડાના સીનીયર ટાઉન પ્લાનરશ્રી એમ.આર. શાહ, વહીવટી અધિકારીશ્રી ડી.એન. બ્રહ્મભટ્ટ તથા અન્ય અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત મોટી સંખ્યામાં ડેવલપર્સ અને જાહેર જનતાના પ્રતિનિધિઓ તથા સોસાયટીના રહીશો ઉપસ્થિત રહ્યા હતા.

## અસમંજસ (પાના નં. ૪ નું ચાલુ)

સમયનાં વહેતા વહેણમાં એક દિવસ હરેશે કહ્યું, 'રાગિણી, હું મારા પક્ષનાં બે ત્રણ સારા માણસોને તારા પિતાજી પાસે મારા લગ્નની વાત કરવા મોકલું છું. તને કશો વાંધો ખરો?' રાગિણીએ સંકોચતા જવાબ આપ્યો, 'મારા પિતાજી લગભગ હા પાડી દેશે પણ ના પાડે તો આપણે કોર્ટ મેરેજ કરી લઈશું અને ભાગી છૂટીશું. નવી જ દુનિયામાં આપણા સુખમય સંસારના સોનેરી દિવસો વિતાવીશું.' અને હું તારી જીવનસંગીની બની હંમેશ માટે સેવા કરીશ. હવે, હું બીજા જોડે તસ્વીર પડાવી શકું તેમ નથી, તારા ચહેરાની તસ્વીર મારા આત્મામાં કોતરાઈ ગઈ છે.' થોડાક દિવસો આમને આમ ચાલ્યા. અને એક દિવસ હરેશ પોતાના પક્ષના ત્રણ માણસોને રાગિણીના પિતાજી પાસે મોકલ્યા. એમની દીકરીનાં લગ્ન હરેશ સાથે થાય તેવી કોઈ ઈચ્છા જ નહોતી કદાચ! એમને હરેશ વિશેની ખોટી માહિતી લોકો પાસેથી મળી કારણ કે આવા શુભ પ્રસંગે હોળીમાં હાડકાં નાખનાર માણસોની ઉણપ વર્તાતી નથી. રાગિણીના પિતાજીએ હરેશનાં પક્ષમાંથી આવેલ માણસોને કહ્યું, 'હમણાં તો મારી દીકરીનાં લગ્ન કરવાની મારી ઈચ્છા નથી. કદાચ! મારા નાના દીકરાને છોકરી ના મળે તો સાટામાં પણ લગ્ન કરવાં પડે, માટે હું આ બાબતે સહમત નથી.' અને આમ પણ છોકરાની કારકિર્દીનું હજું ઠેકાણું નથી, તે સારી નોકરી પણ કરતો નથી - મારી દીકરીના ભવિષ્યનું શું? બે પ્રેમીયુગલની પ્રેમકથા ઉપર પાણી ફરી વળ્યું. હરેશ સારું કમાતો હોવા છતાં પણ તેની અવગણના થઈ. બંને પ્રેમીઓનાં દિલ તૂટી ગયા. રાગિણીએ ભાગી જવાની તૈયારી બતાવી પણ હરેશે નમ્રતાથી સમજાવી કે, 'ભાગીને લગ્ન કરવાથી આપણા મા-બાપની બેઆબરૂ થશે. સમાજમાં તેમની ઈજ્જતના ધજિયા ઉડી જશે. સુલભ - સુખી સંસારમાં આપણે અંગારા ફેંકવા નથી.' રાહ જોશું - તારા પિતાજી એકના એક દિવસ માની જશે - પણ ધીરજ રાખજે. બસ, તે દિવસથી રાગિણીના પિતાજીએ પોતાની દીકરીને નજરબંધ કરી. કૉલેજનું પણ ઘરે બેસીને ભણવાનું નક્કી થયું. હરેશ-રાગિણી વચ્ચેનાં કૉન્ટેક્ટ બંધ થઈ ગયાં. હરેશની દયનીય ક્ષણો શરૂ થઈ. રાગિણી તેના ગામની બાજુમાં આવેલી બી.એડ. કૉલેજમાં ભણવા લાગી. હરેશ રાગિણીના નામની માળા જપતો હતો. પણ પ્રવાહ પલટાયો, સમય બદલાયો, વાતાવરણ બદલાયું. રાગિણીના રગેરગમાં યુવાની ઉછાળા મારતી હતી. તે પોતાની ઈચ્છાઓ અને અપેક્ષાઓને કાબૂ ન કરી શકે. ધીરજની વાદળી એના જીવનમાં શુષ્ક બની ગઈ. બી.એડ. કૉલેજમાં ભણતા એક પ્રશાંત નામના છોકરા સાથે રાગિણી રાસલીલા રમવા લાગી. થોડા જ દિવસોમાં પાંગરેલો પ્રેમ ગાઢ બનતો ગયો અને બંને એ છૂપી રીતે કોર્ટ મેનેજ કરી લીધાં. રાગિણી તો અનુભવી હતી. અભ્યાસ પૂરો થતાં જ બન્ને ભાગી છૂટ્યાં, રાગિણીનાં પરિવારની આબરૂનું અસ્તિત્વ ચકનાચૂર થઈ ગયું. એનાં પરિવાર વિશે ખોટી-ખોટી વાતો થવા લાગી. એ દિવસે તેના પિતાજીને હરેશ યાદ આવ્યો. એમને મનમાં થયું હશે કે જો મેં મારી દીકરીને હરેશ સાથે પરણાવી હોત તો આજ મારી દીકરીને ભાગીને લગ્ન ન કરવા પડત. કૉર્ટ મેરેજમાં ન બંધાઈ હોત. આ મારી જ મનમાનીની ભૂલ હતી.

પણ હવે શું? ડોશી મર્યા બાદ ખીચડો ખાય ખરી! રાગિણી - પ્રશાંત પંદરેક દિવસ બાદ સાસરીયામાં આવી ગયું. કૉર્ટ મેરેજના ત્રણ મહિના પૂર્ણ થયા. કોઈ તેમને અલગ કરી શકે તેમ ન્હોતું. રાગિણી સર્વ સ્વજનોને ત્યાગી - ભૂલીને પોતાના સાસરામાં સૂખેથી રહેવા લાગી. બોલો હવે, છોકરી કે સ્ત્રી પર વિશ્વાસ કંઈ રીતે કરવો. હરેશ બિચારો એમને એમ જ હોસ્ટેલ ચલાવતો રહ્યો. એના જીવનમાં ઓવલી રંગીન ક્ષણો કાળી બની ગઈ. છતાં તે હિંમત હાર્યો નથી. પોતાની કારકિર્દી પર ધ્યાન આપી જીવનને આગળ ધપાવી રહ્યો છે. એના વિશે પણ સમાજમાં કેટલીક અવળી વાતોએ આકાર લીધો છે. એક મા-બાપને ઈચ્છા હોય છે કે એમના દીકરાને સમાજમાંથી છોકરી મળે? કારણ કે સમાજ... બહાર મધ્યમવર્ગના લોકોને કોઈ જાણતું હોતું નથી. તેઓ આખી જિંદગી સમાજના કુંડાળામાં પસાર કરી દેતા હોય છે. હરેશ પણ ઈશ્વરને પ્રાર્થના કરી રહ્યો છે કે, હે ભગવાન! હવે પત્ની સિવાય કોઈના પ્રેમમાં બંધાઈશ નહિ. સમાજની જે છોકરીનું માગું આવશે તેનો હું સ્વીકાર કરી મારા-માબાપની ઈચ્છા પૂરી કરીશ.'

**નોંધ :- પ્રસ્તુત ઘટનામાં પાત્રોનાં નામ બદલેલ છે, અને લેખક 'સ્પિરિટ ઓફ લવ' નવલકથાના સર્જક છે.**